સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નેતાઓ સાથે મળીને માલ્યાઓ વકરો કરે છે,
પ્રજાના પૈસા વાપરી બેન્કોને બકરો કરે છે,
ડુક્કરો ખાય છે ગંદકી રાજકીય ઉકરડે -
રડાવે સૌને, ખૂદ હસે, એવા જોકરો ફરે છે...
(માલ્યા ફરાર)

હાઈકુ

બેન્ક સાક્ષીએ,
માલ્યા-જિંદાલ માટે -
કરો બચત!

લોન એટલે
બેન્ક + નેતા= ખાયકી
મીલી ભગત!

ચિંતન

સકૃજ્જલ્પન્તિ રાજાનઃ સકૃજ્જલ્પન્તિ પંડિતાઃ ।
સકૃત કન્યાઃ પ્રદીયન્તે ત્રીએતાનિ સકૃજ્જત્સકૃતા ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

રાજા-સત્તાધીશ (કોર્ટ) વડીલ એક જ વાર આદેશ આપે છે અને આજ્ઞાંકિત પ્રજા-પરિવારે તેમાં વાંધા-વચકા પાડ્યા વિના જ તેનું એક વારમાં પાલન કરવું જોઈએ.

પંડિત-વિદ્વાન-બુદ્ધિમાન એક જ વાર સલાહ-સૂચન કરે છે તેને ન માનનાર કે તેની અવજ્ઞા કરનારને બુદ્ધિમાન-પંડિત બીજીવાર કંઈ સલાહ-સૂચન આપતા નથી.

પુત્રી-કન્યાના લગ્ન-કન્યાદાન એકવાર જ થાય છે પછી બીજાં લગ્ન કહેવાતાં નથી 'ઘરગેણું' કહેવાય છે.

વડીલો-પંડિત-વિદ્વાનની એક વાર મળેલી સલાહ-સૂચનાનો આજ્ઞાનું તરત પાલન કરવું જોઈએ. વિદ્વાનો-લબાડી-જૂઠ્ઠા આળશુને ઓળખી પછીથી સલાહ આપતા નથી. મનમાં કહે છે 'ખાડામાં પડ...'

સુવિચાર

- ભયાનક અંધાધૂંધ વાવાઝોડા વચ્ચે તન-મનથી સ્થિર રહે અને બધુ શાંત હોય ત્યારે સતત ગતિમાં રહે તેને જ મહાન માનવી માનવો - **ભૂપત વડોદરિયા**
- જો તમે સાહજીક રીતે માયાળુ હોવ તો એવા ઘણા લોકો તમારી આસપાસ આવી જશે જે તમને ગમતા ન હોય - **વિલિયમ ફીધર**
- તમે ઊભી કરો તે સિવાય જીવનમાં કોઈ મર્યાદા નથી - **જનકલ્યાણ**
- 'રાઈફલ શુટીંગ'ને રમત ગણવી કે નહિં તેનો સંપૂર્ણ આધાર એ બાબત પર છે કે તમે બંદૂકના કયા છેડા પર છો - **સર આર્થર કોનનડોઈલ**
- પ્રારબ્ધમાં પૈસા હશે તો મળશે, એ માટે પુરુષાર્થ કરો પણ પાપ શા માટે કરો છો?? - **મોરારિ બાપુ**
- વાણીમાં મૃદુતા આવે, વાણી સંયમ વિવેક આવે ત્યારે સમજવું કે ભક્તિ સાર્થક છે - **રમણ મહર્ષિ**
- જયારે કોઈ હૃદયથી હટીને બુદ્ધિમાં ફસાય છે ત્યારે વિવાદમાં ફસાય છે - **શ્રી શ્રી રવિશંકર**
- આજનું ઔષધ : પેટમાં દુખાવા માટે લીંબુના રસમાં મૂળાનો રસ મેળવી પી શકાય (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ઘરનું કામ, રસોઈ કેમ અને કેવી રીતે થાય છે એ મહત્ત્વનું વેઠથી કરેલી રસોઈ ભલે પચ્ચીસ વાનગી હોય એમાં સ્વાદ નથી આવતો. પ્રેમ અને લાગણીથી કરેલી ખીચડી 'અમૃત' જેવી લાગે... બીજું ખવડાવવાની રીત પર પણ 'સ્વાદ'ની અસર આવે. 'બનાવીને રાખી દીધેલી રસોઈ - જયારે જેને ખાવું હોય ત્યારે ખાઈ લેજો' એ બે સ્વાદ જ લાગે છે.

એક પાળેલા કૂતરાના માલિકે વાંચ્યું કે કૂતરાને 'કૂતરાને માછલીનું તેલ બહુ ભાવે' માલિક તેલ લઈ આવ્યો. કૂતરાને બે પગ વચ્ચે દાબી તેનું મોઢું બળજબરીથી ખોલી ચમચીથી તેલ પીવડાવાનો પ્રયત્ન કરતો. પણ કૂતરો પીતો નહીં. નાસવા પ્રયત્ન કરતો. માલિક ગુસ્સામાં ફટકારી પણ દેતો...

એક દિવસ આવી જ બળજબરી કરતાં - કૂતરો પણ કંટાળી જોર કરી ભાગ્યો. તેલની શીશી ઢોળાઈ ગઈ. કૂતરો ધીમે ધીમે સરકી ઢોળાયેલું તેલ આરામથી ચાટવા લાગ્યો.

માલિકને હવે પોતાની ભૂલ સમજાઈ.

ગ્રાહકલક્ષી રિયલ એસ્ટેટ બિલ પસાર થયું

તંત્રીસ્થાનેથી...

અનેક અડચણો વચ્ચે કેન્દ્રની ભાજપાના નેતૃત્ત્વવાળી સરકારે કેટલાંક અગત્યનાં બિલો પસાર કરાવવામાં સફળતા મેળવી છે, જેમાં જનસાધારણનાં હિતો સચવાતાં હોય એવાં રિઅલ એસ્ટેટ બિલ મુખ્ય છે. બિલ્ડરો ઘર ખરીદવા માગતા ગ્રાહતો સાથે અત્યાર લગી જે સંતાકૂકડી રમતા રહ્યા છે તે બંધ થશે અને બેઉ વચ્ચે વિશ્વાસનું વાતાવરણ સરજાશે. આ બિલ અગાઉ લોકસભામાં પારિત થઈ ચૂક્યું હતું. કોંગ્રેસ પક્ષે રાજયસભામાં એને ટેકો આપતાં તે હવે સંપૂર્ણપણે કાયદો બનશે. એથી રિયલ એસ્ટેટ સેકટરમાં વિશેષ પારદર્શકતા આવશે. રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) બિલ રાજયસભામાં કેન્દ્રીય શહેરી વિકાસ વેંકૈયા નાયડુએ રજૂ કર્યું તે પછી કોંગ્રેસનાં મહિલા નેતા કુમારી સેલજાએ તેને હાર્દિક સમર્થન આપ્યું હતું. ધ્વનિમતથી પસાર થયેલ આ બિલ રાષ્ટ્રપતિની સહી થતાં જ કાયદો બની જશે, પરિણામે રિયલ એસ્ટેટમાં બે નંબરી નાણાંના રોકાણ પર પણ બ્રેક વાગવાની સંભાવના છે. બિલ્ડરો સામાન્ય રીતે ગ્રાહકોને મકાન આપવા માટે એડવાન્સ નાણાં ઉઘરાવી લેતા હોય છે અને એ નાણાંનો મરજી મુજબ બીજી સ્કીમોમાં ઉપયોગ કરે છે. નવો કાયદો આવતાં બિલ્ડરો પર સરકારનું નિમંત્રણ આવી જશે. બિલની જોગવાઈઓ મુજબ હવે પછી મકાનોની ક્વૉલિટીથી લઈ નિર્ધારિત સમયગાળા દરમિયાન ગ્રાહકને મકાન ઉપલબ્ધ કરાવી દેવું પડશે. એમાં વિલંબ થતાં બિલ્ડર સામે કામ ચલાવી શકાશે. દરેક રાજયમાં રિયલ એસ્ટેટ રેગ્યુલેટર નીમવામાં આવશે જે તમામ પ્રોજેક્ટસનું મોનિટરિંગ કરશે અને ગ્રાહકો એની સમક્ષ સીધી ફરિયાદ કરી શકશે. ફરિયાદોની સુનાવણી નિયામક દ્વારા જ થનાર હોઈ એ સ્તરે ભ્રષ્ટાચારની શક્યતાઓ તો રહેશે જ, પરંતુ તેમ છતાં આજે ગ્રાહક સાવ જ પાંગળો છે તેને બદલે આ કાયદો એને વધુ સક્ષમ બનાવશે એ વિશે શંકાને સ્થાન નથી. પ્રોજેક્ટો વિશે આજે ચાલે છે એવું લોલેલોલ નહીં ચાલી શકે. પ્રોજેક્ટ લોન્ચ કરતાં જ બિલ્ડરોએ વેબસાઈટમાં જરુરી તમામ માહિતી રજૂ કરવાની રહેશે. તેમાં પ્રોજેક્ટની મંજૂરી મળી હોવાની માહિતી પણ આપવાની રહેશે. એ પ્રોજેક્ટમાં થતા સુધારાવધારાથી પણ ગ્રાહક વાકેફ રહી શકશે. આ બિલ ૫૦૦ ચો.મી. વિસ્તાર માટે લાગુ પડશે - અર્થાત્ આઠ ફલૅટવાળી નાની સ્કીમ પણ એના દાયરામાં આવી જશે. આ તમામ પ્રોજેક્ટ્સની રેગ્યુલેટરી ઑથોરિટી સાથે નોંધણી ફરજિયાત બનશે. ગ્રાહકનાં હિતો સાચવવા ડેવલપરે જમીનનો વીમો ઉતરાવવાનો રહેશે. વળી પ્લાનમાં ફેરફાર માટે ઓછામાં ઓછા બે તૃતીયાંશ ગ્રાહકોની મંજૂરી જરુરી બનશે. પ્રોપર્ટી એજન્ટોનું રિયલ એસ્ટેટ ઑથોરિટી સાથે રજિસ્ટ્રેશન ફરજિયાત બની જશે. વળી ગ્રાહકોની ફરિયાદોની સુનાવણી ઝડપી થઈ શકે એ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ અમલી બનશે. હાઉસિંગ ઉપરાંત ધંધા-રોજગાર માટે ખરીદેલી પ્રોપર્ટીને પણ આ નિયમો લાગુ પડશે. આ બિલ સરવાળે ગ્રાહકોના હિત માટે બનાવાયું છે, પરંતુ એથી પ્રામાણિક બિલ્ડરોને પણ લે-ભાગુ બિલ્ડરોની હરિફાઈનો સામનો નહી કરવો પડે, તે હકીકત છે. છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન મુંબઈ જેવા મહાનગરમાં જિંદગીની મરણમૂડી ખર્ચીને ઘરનું ઘર નોંધાવનારા મધ્યમવર્ગના ગ્રાહકો સાથે ભારે છેતરપીંડી થઈ હતી, જેમાં ખુદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રીની સામેલગીરીનાં વરવાં ઉદાહરણ જોવા મળ્યાં હતા. આ બિલ પસાર થતાં એવી છેતરપીંડીનો અવકાશ નહીં રહે. અલબત્ત, ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા - એ ન્યાયે બિલ્ડર લોબી રેગ્યુલેટરી ઑથોરિટીની સાથે ગુનાઈત સાંઠગાંઠ નહીં જ કરે એની ખાતરી તો સરકાર પણ શી રીતે આપી શકે?

જૈવિક વિવિધતા - Bio diversity

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

સમગ્ર વિશ્વમાં સહુથી વધુ અને વિશિષ્ટ જૈવ વિવિધતા ધરાવતાં ૧૭ દેશોની યાદીમાં આપણો દેશ ભારતનું પણ આગવું સ્થાન છે. વિશ્વના કુલ જમીન વિસ્તારનો ૨.૪ ટકા ભાગ આપણા દેશનો છે. તેની સામે આપણે વિશ્વની જૈવિક વિવિધતાના ૭ થી ૮ ટકા વિવિધતા ધરાવીએ છીએ. આપણાં દેશમાં અત્યાર સુધીની ગણતરીના અભ્યાસ પ્રમાણે ૪૭૫૧૩ જેટલી વનસ્પતિની જાતિઓ અને ૯૬૩૭૩ જેટલી પ્રાણીઓની જાતિઓ તથા સમગ્ર પણે કુલ ૧૪૩૮૮૬ જેટલી જાતિઓ આપણાં દેશમાં મળી આવે છે.

વર્ષ ૧૯૮૮માં પરિસ્થિતિ વૈજ્ઞાનિક નોર્મન માયર દ્વારા જૈવ વિવિધતા ઉષ્મિત સ્થાનો (Hotspot) શબ્દ પ્રયોગમાં લેવામાં આવ્યો. વિશ્વમાં જે વિસ્તારો અસાધારણ વનસ્પતિઓ, પ્રાણી અને સુક્ષ્મજીવોની વિવિધતા ધરાવે છે અને તેની વિશેષક્ષેત્રી (Endemic) જાતિઓ ભય હેઠળ છે. તેવા વિસ્તારોને જૈવ વિવિધતા ઉષ્મિત સ્થાનો (Hotspot) તરીકે ઓળખવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વમાં આવા ૩૪ સ્થાનો ઓળખી કઢાયા છે. તે પૈકી ૪ ઉષ્મિત સ્થાનો હિમાલયા, ઉત્તર-પૂર્વી, પશ્ચિમ ઘાટ અને નિકોબાર ટાપુઓ કે જે આપણાં દેશના છે તેનો સમાવેશ થયેલ છે.

ભારતીય વન્યજીવ સંસ્થાન દ્વારા સમગ્ર દેશનું ૧૦ પ્રકારના જૈવ ભૌગોલિક ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ ભૌગોલિક ક્ષેત્રોના આધારે વનો, વન્યજીવો કે જૈવિક વિવિધતાનો અભ્યાસ, માહિતી, સંશોધન અને આયોજનો હાથ ધરાય છે. આ બાબતો દરમિયાન ચાર કક્ષાએ એ સ્તરે એકમો ધ્યાનમાં લેવાય છે. પ્રથમ તો જૈવ ભૌગોલિક ક્ષેત્ર (Bio-geographic Zone), બીજું જૈવ પ્રાન્ત (Bio - Province), ત્રીજું જમીની પ્રદેશ (Land Region) અને ચોથું જીવ સમુદાય (Biome).

'બાયોમ્સ' બધી વનસ્પતિઓ અને પ્રાણીઓનો બનેલો જીવ સમુદાય.

આપણો દેશ આફરો ટ્રોપીકલ, ઈન્ડો-મલાયન અને પેલ આર્ટીક્ટ એમ ૩ (ત્રણ) પરિમંડલો (Realms) ના ત્રિભેટે સ્થાન ધરાવે છે. તેના કારણે જૈવિક વિવિધતા ઉપરાંત ઉચ્ચ (Trans) હિમાલયા, હિમાલયા, રણ, અર્ધ શુષ્ક, પશ્ચિમ ઘાટ, દક્ષિણનો દ્વિપકલ્પ, ગંગાના સપાટ મેદાનો, દરિયાકાંઠો, ઉત્તર-પૂર્વી, અને ટાપુઓ એમ ૧૦ પ્રકારના જૈવ ભૌગોલિક ક્ષેત્રો આપણા દેશમાં જોવા મળે છે. આ જૈવ ભૌગોલિક ક્ષેત્રોને ૨૭ જૈવિક પ્રાન્તમાં તેમની વિવિધતાના આધારે વહેંચવામાં આવ્યા છે.

આપણા ગુજરાતમાં ભારતીય રણ, અર્ધશુષ્ક પ્રદેશ, પશ્ચિમ ઘાટ અને સમુદ્રી તટ એમ ૪ (ચાર) જૈવ ભૌગોલિક ક્ષેત્રો છે અને કચ્છ, ગુજરાત-રજવાડા, માલબાર સમુદ્રી તટ, પશ્ચિમ ઘાટ અને પશ્ચિમી સમુદ્રી તટ એમ ૫ (પાંચ) જૈવિક પ્રાંત (Bio - Province) માં વહેંચણી / વર્ગીકૃત કરવામાં આવેલ છે. ગુજરાતનું કચ્છનું નાનું અને મોટું રણ તેની ખારાશને કારણે રાજસ્થાનના રણથી અલગ પડે છે. જયારે આપણે ત્યાં બે અખાત કે જે દેશના ત્રણ પૈકીના છે તે ઉપરાંત દેશને લાંબામાં લાંબો દરિયા કિનારો તે એક ગૌરવની વાત છે.

આપણું ગુજરાત સદાહરિત, સુકા, કાંટાળા જંગલોની સાથે સાતે ચેરના વનો પણ ધરાવે છે. ગુજરાત પાસે ઘાસિયા પ્રદેશો, જલપ્લાવિત વિસ્તારો, (Eco system) તંત્રોની વિવિધતા છે જે પૈકી દેશના ઘણાં રાજયો પાસે તે ઉપલબ્ધ નથી. પારિસ્થિતિકી તંત્રોની વિવિધતાને કારણે આપણા રાજય પાસે જાતિઓ અને જનીનિક વૈવિધ્યપણ છે જેમાં એન્ડેમિક હોય તેવી ઘણી જાતિઓ છે. તમામ પ્રકારના ઈકોસીસ્ટમની જાળવણી આપણી પ્રાથમિકતા હોવી ઘટે.

'વિન્ટર' - કહા ગયા ઉસે ઢુંઢો...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

આમ તો શું છે કે શિવરાત્રી પછી ઠંડી ઘટવા માંડે - શાસ્ત્રોક્ત અને સીજનલ બંને રીતે. પણ ધીરે ધીરે, હોલ્લે હોલ્લે. પણ આ હોલ્લે હોલ્લેને હડસેલીને હજુ તો માર્ચ અધી પણ નથી ગયો ત્યાં ગરમીનો પારો ઉંચો જવા માંડ્યો છે. જો કે ખાલી માર્ચની ક્યાં માંડો છો, એમ તો જાન્યુઆરી કે ડીસેમ્બર પણ ક્યાં એવો ઠંડો હતો ? જરાય નવાઈ પામ્યા વગર એમ કહી શકાય કે ભારત સહીત દુનિયાના ઘણા દેશોમાં આ વખતનો શિયાળો પ્રમાણમાં વધુ ગરમ રહ્યો. મતલબ કે જેટલી જોઈએ એટલી ઠંડી પડી જ નહિ. ઠંડીથી ડરતા લોકો માટે આ ખુશીના સમાચાર હોય શકે પણ માનવજાત અને દુનિયા માટે આ શુભ સમાચાર તો નથી જ. કેમકે જોઈએ એટલી ઠંડી નથી પડી કે નોર્મલથી ૫-૬ ડીગ્રી તાપમાન ઊંચું રહેવાનો સીધો અર્થ એ છે કે આપણી પૃથ્વી - દેશ કે જમીન બહુ જલદી અગનગોળો બની રહી છે. કબાટમાં કે બેગમાં રહેલા ગરમ કપડા - સ્વેટર - ઓવરકોટ પર હાથ રાખીને કહેજો કે આ વર્ષે શિયાળા જેવું કશું અનુભવ્યું ખરું તમે? જવાબ મળશે ના. બિલકુલ નહિ. અને જ્યાં ક્યાય પણ ઠંડીની થોડીક બુંદા-બાંદી થઈ ત્યાં પણ એવું જ કહેવાનું મન થાય કે 'ये विन्टर बी कोई विन्टर है लल्लु...'' !! એવું લાગ્યું કે જાણે ચોમાસા પછી સીધો ઉનાળો જ આવી ગયો - હાઈઈઈલ્લા વિન્ટર કટ...?!

જનરલી, આઈ મીન આજથી પાંચ-સાત કે એનાથી એકાદ બે વધુ વર્ષો પહેલા શિયાળો શાનદાર - દાંત કચ્કચાવતી ઠંડી સાથે પધારતો અને ખાસ્સો રોકાતો, ઈનફેક્ટ શેડ્યુલ મુજબ જ રોકાતો. યે વો દિન થે જબ માર્ચમાં પણ ગરમી નહિ પણ ઠંડી રહેતી ભલે નવેમ્બર કે જાન્યુઆરી જેવી નહિ તો પણ. પણ આ વર્ષે એવું કશું જ નહોતું. દેશે આ શિયાળો પ્રમાણમાં ગરમ અનુભવ્યો. કોઈ મેજર બફર્બારી કે કડાકે કી ઠંડ ના ટીવી કે અખબારી રીપોર્ટસ આવ્યા નહિ. ફેસ્બુકોના પ્રોફાઈલ પિક્ચરોમાં એકબીજા પર બરફ ફેંકતા લોકોના ફોટા 'એન્જોઈંગ સ્નો ઈન કુલ્લુ' કે 'ફિલિંગ ચીલ ઈન માઈનસ ફાઈવ એટ સીમલા' જેવી ઠંડી ટેગ્લાઈનો સાથે જોવા જ નાં મળ્યા. હિમાલય રીઝનમાં માઈનસ ૧૦, ૧૫ ૨૫ કે ૩૦ના સમાચારો છાપાના પાને જોવા આંખો તરસતી રહી. અને હિમાલય કે રાજસ્થાનમાં કે ઈવન કાશ્મીરમાં થીજી ગયેલા તળાવોના ફોટા જોઈને 'હવે આપણો વારો ઠંડી ખાવાનો' એવા ભાવો પણ મનમાં ઉત્પન્ન થઈ શક્યા નહિ. હા, એકાદ બે અપવાદો બન્યા કે જ્યારે ક્યાંક ઠંડી પડી એવા સમાચારો મળ્યા. પણ આ ઠંડી પણ એવી 'પડી' કે બીજે ક્યાય અને બીજા કોઈ પ્રદેશોને બિલકુલ 'લાગી' નહિ. હિમાચલ, જમ્મુ, કાશ્મીર, આબુ કે સીમલા જેવા ક્ષેત્રોનું તો ઠંડુ થવું આમ વાત છે જો કે આ વખતે આ સદાબહાર બફીલા બેનમુન ક્ષેત્રો પણ બરફ-ઠંડી અને થીજેલા સરોવરો કે બફીલી પર્વતીય ટોચોથી મોટેભાગે અલિપ્ત-અળગા જ રહ્યા. દિલ્હી જેવા શહેરોમાં કે જ્યાં ફોગ - ધુમ્મસ એ શિયાળાની સવારનો વણનોતયી મહેમાન રહેતો ત્યાં પણ આ વખતે મોટાભાગની સવાર સ્વચ્છ આકાશ અને સૂર્યના પ્રકાશથી જ પડી. દિલ્હીવાસીઓ પણ નવાઈ પામી ગયા કે સાલ્લુ આ જાન્યુઆરીમાં સવાર સવારમાં મોર્નિંગ વોક વખતે ઓવરકોટ કે સ્વેટરની બહુ જરૂર કેમ નાં પડી વારુ ? ઉલટાનું જે થોડા ઘણા દિવસોમાં આવી જરૂર પડી એ દિવસોમાં પણ બપોર થતા થતા તો ઓવરકોટ કે સ્વેટરને ઉતારીને ઘા કરી દેવું પડે એવો ઉકળાટ થતો રહ્યો.

ભારતના સ્વર્ગ કાશ્મીરની જ વાત લો ને. ફેબ્રુઆરીમાં કાશ્મીરમાં તાપમાન નોર્મલ શિયાળુ તાપમાન કરતા ૧૦ ડીગ્રી જેવું ઊંચું હતું. ૨૫ ફેબ્રુઆરીએ ૨૦ ડીગ્રી તાપમાન ખીણમાં નોંધાયું એનાથી વધુ અચંબો પમાડે એવી વાત એ છે કે આ ૨૦ ડીગ્રી એ કાશ્મીર ખીણમાં શિયાળામાં નોંધાતા તાપમાનમાં છેલ્લા ૭૬ વર્ષ નો રેકોર્ડ હતો અર્થાત છેલ્લા લગભગ પોણા દાયકાથી ફેબ્રુઆરીમાં ખીણમાં આટલું તાપમાન નહોતું નોંધાયું. ખીણમાં આ સમયે હોવી જોઈતી બફીલી ચાદરોને બદલે સુરજ મહારાજની રોશની ચમકતી હતી. છે ને ગરમ શિયાળો ત્યાં પણ? જનરલી આ અરસામાં કાશ્મીર ઘાટીમાં વરસાદ અને બરફવર્ષાનો નજરો એકસામટો જોવા મળતો હોય છે પણ આ વર્ષે કાશ્મીરના રહેવાસીઓ અને આ નજારો જોવા પહોચી જતા પ્રવાસીઓના આશ્ચર્ય વચ્ચે બરફવર્ષા કે વરસાદ નહીવત થયો. ઈનફેક્ટ ૨૦૧૬નો શિયાળો પાટનગર શ્રીનગર માટે તો સાવ કોરો ધાકોડ - ઓછી બરફવર્ષા વગરનો પસાર થયો. હા ગુલમર્ગમાં થોડો ઘણો સ્નો થયો પણ શ્રીનગર તો કોરું જ રહ્યું.વિધિની વિચિત્રતા નહિ તો બીજું શું?

કાશ્મીર જેવી જ સ્થિતિ ઉત્તર ભારતના બીજા પહાડી પ્રદેશોની રહી. હિમાચલ અને ઉતરાખંડના બરફવર્ષા માટે મશહુર સ્થળોએ બરફ ઓછી માત્રામાં પડ્યો અને એને લીધે ઠંડીનો ચમકારો પણ ઓછો રહ્યો. જનરલી શિયાળાના આ સમયે બરફની ચાદરોમાં લિપટાયેલા રહેતા સીમલા, મસુરી કે બીજા પર્વતીય સ્થળો પર દર વર્ષ કરતા ઓછો ને ક્યાંક તો સાવ જ ઓછો બરફ પડ્યો. અહી બરફ પડવાને અને શિયાળાની ઠંડીને પુર્વાપરનો સંબંધ ગણવો એ ન્યાયે વિન્ટર ત્યાં પણ ફૂલ સ્વિંગમાં તો નહોતો જ. પર્વતીય સ્થળોની વાત તો ઠીક છે પણ મેદાની પ્રદેશો પણ મીડ ફેબ્રુઆરી આવતા આવતા હીટ પકડવા મંડેલા. બિહાર જેવા સપાટ પ્રદેશની વાત કરીએ તો પટનામાં ફેબ્રુઆરીના મધ્ય ભાગમાં જ તાપમાન ૩૨ ડીગ્રીને આંબી જવા માંડેલું. બિહારે છેલ્લા પચાસ વર્ષોમાં પહેલી વાર ગરમ શિયાળો અનુભવ્યો. તો મહારષ્ટ્રમાં પણ આ જ સ્થિતિ રહી. નાસીકે પણ પટનાની જેમ મીડ ફેબ્રુઆરીમાં દિવસનું તાપમાન ૩૨ ડીગ્રી સુધી જતા જોયું - અનુભવ્યું. પાટનગર દિલ્હીમાં પણ ૩૦ ડીગ્રીથી ઉપર તાપમાન આવનારા હોટેસ્ટ ઉનાળાનો સંકેત આપી ગયેલું.

વેઈટ...વેઈટ... શિયાળાને ચોપડાવતા પહેલા એ પણ જાણી લો કે ઠંડીના ચમકારાની બદલે ગરમીના ઉહ્કારા ભરનારા કાઈ આપણે એકલાજ નથી જગતની માલીપા. બહુ આઘે ગયા પહેલા નજીકની જ વાત કરીએ અને નજીકમાં તો પ્રખર પાડોશી પાકિસ્તાન સિવાય બીજું કોણ સુઝે. યસ, પાકિસ્તાનમાં પણ હાલ-ઓ-હવાલ આપણાથી કઈ વિશેષ જુદા નહોતા ત્યાં પણ શિયાળાના નામે ગરમી જ ફૂંકાતી હતી. મધ્યાહ્ન શિયાળે મતલબ કે જાન્યુઆરીમાં ઈસ્લામાબાદમાં લઘુત્તમ તાપમાન માત્ર ૬ ડીગ્રી સુધી જ નોંધાયેલું મતલબ કે વર્ષ ૨૦૧૫નાં શીયાળા કરતા ૨ ડીગ્રી વધુ - ૨૦૧૫માં એ ૪ ડીગ્રી હતું.. મહત્તમ અને લાઘુતામ તાપમાન વચ્ચેનો તફાવત ગયા વર્ષના ૭ ડીગ્રીની સરખામણીએ આ વર્ષે ૧૩ ડીગ્રી સુધી ચાલ્યો ગયો. ઓછો વરસાદ, ઓછો સ્નોફોલ અને ધુમ્મસની ગેરહાજરીથી આ વખતનો શિયાળો હુહુહુહુ કરવાને બદલે હાય હાય કરવા જેવો વધુ રહ્યો.

આડોશી-પાડોશીની વાત થઈ ગઈ હોય તો જગતના બીજા દેશોના પણ દુઃખડા સાંભળી લઈએ. દુનિયાભરમાંથી શિયાળાએ લગભગ એક્ઝીટ મારી દીધી છે ત્યારે આ વખતના શિયાળાના રૂપરંગ જોતા

અનુસંધાન પાના નં. ૭ પર

એક અદભુત અને સુપ્રસિદ્ધ સૂટની આત્મકથા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ તો મને મારી આત્મકથા લખવાનો બિલકુલ શોખ નથી. પણ આજે લાગે છે કે મારા વિશે કંઈક લખું. અમારું અસ્તિત્વ છેલ્લા ત્રણ સો વર્ષથી છે પરંતુ મને લાગે છે કે મારી ૩૪/૩૫ પેઢીમાંથી કોઈને પણ હજી સુધી આત્મકથા લખવાનો વિચાર સુદ્ધા નહી આવ્યો હોય. પણ ગયા વર્ષે મારી ચર્ચાઓ આખાય વિશ્વમાં ખુબ ચાલી હતી. વળી હમણા હમણાથી મને પણ લાગે છે કે હું પણ કંઈક યૂનિક તો છું જ. મારામાં એવી કંઈક વિશિષ્ટતા તો છે અથવા મારા ભાગ્યનો અચાનક ઉઘાડ થયો... અથવા જે હોય તે..પણ હજી ગયા જ વર્ષે મારી કિંમત રૂપિયા ચાર કરોડને એકત્રીસ લાખની થઈ ગઈ છે. હા, હું કોઈ લગ્નમાં પહેરાયેલું સાદું સૂટ નથી પણ ભારતના લોકપ્રિય અને ૫૬ની છાતીવાળા વડાપ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદીનું સૂટ છું.

આમ જોઈએ તો અમારો વંશગત ઈતિહાસ ઈંગ્લેન્ડથી આરંભાયો છે. મારી પહેલા અમારી ૩૫મી પેઢીનું સૌ પ્રથમ સૂટ ઈંગ્લેન્ડના રાજાએ સીવડાવીને પહેરેલો. એ વખતે આગળના ભાગે મોટા મોટા ખિસ્સા અને અંદરની સાઈડ બન્ને તરફ ખિસ્સા અમારામાં હતા. બસ ત્યાર પછી અમારી પેઢીનો ખુબ વિકાસ થયો અને એ વિકાસ છેક વિકાસ પુરુષ સુધી વિકસ્યો.

સાચું કહું મને જ અમારી જાત પ્રત્યે સહેજેય ગર્વ નહોતો. અન્યની જેમ હું ય એમ જ વિચારતો કે ઠીક છે... લોકો આપણને પહેરે છે તો પહેરે.. એમાં શી મોટી નવાઈ ? પણ પછી વિવિધ દેશોમાં ઉચ્ચ શિક્ષણ લીધા પછી સમજાયું કે આપણે તો જોરદાર છીએ. અમને ધારણ કરવાથી ઘણા બધાના મનમાં ઘણો બધો ભ્રમ ઊભો કરી શકાય છે. રંક પણ રાજા હોવાનો આભાસ ઊભો કરી શકે છે. અને આમ જ અમે જગતના તમામ મનુષ્યોના વસ્ત્રોમાં ''રાજા'' તરીકે સર્વાનુમતે પ્રસ્થાપિત થયા છીએ એક તો પૃથ્વી ઉપર સ્ત્રી અને પુરુષ બે જ માનવજાતિ કે જે વસ્ત્રો પહેરે છે. એમાંય પુરુષ શ્રેષ્ઠ અને પુરુષોને પહેરવામાં આવતા પેન્ટ, શર્ટ, લેંઘો, ધોતી, લુંગી, ચડ્ડી, ગંજી, ટી-શર્ટ, ઝભ્ભો, સુરવાલ... આ બધા જ વસ્ત્રોના શહેનશાહ તરીકે અમે એટલે કે ''સૂટ'' આવે. એક જ કાપડમાંથી બનાવેલું પેન્ટ, શર્ટ, કોટિ અને ટાઈ-એમ આખું અમારું અસ્તિત્વ સર્જાય, અમારાથી ભલભલા મનુષ્યનું વ્યક્તિત્વ બદલાઈ જાય છે. અમારી સૌથી મોટી પ્રતિષ્ઠા એ છે અમને સચિવો, અધિકારીઓ, મોટા નેતાઓ, ઉદ્યોગપતિઓ જ ધારણ કરે છે. અને દુનિયાના દેશોના વડાપ્રધાનો પણ અમારા વિના અધુરા છે. વડા પ્રધાનની વાત નીકળી જ છે તો નરેન્દ્ર મોદીને કેમ ભૂલી શકાય? આ મોદી સાહેબ વિશે તો અમારી ત્રીસમી પેઢીએ એક સૂટદાદાએ આગાહી કરેલી કે ''ભારતમાં એક એવો આત્મા જન્મ લેશે કે જે આપણને ધારણ કરીને આખા વિશ્વમાં આપણને અમર કરી દેશે.'' અને એવું જ બન્યું હું આજે ત્રીસમી પેઢીએ જ છું.

મારો જન્મ સુરતમાં એક મીલમાં થયો. મારું કાપડ રેશમ અને સુતરાઉના દોરામાંથી બનાવવામાં આવેલું. જે બહું મોંઘુ તો નહોતું. પરંતુ એમાં વચ્ચે વચ્ચે સાવ બારિક અક્ષરે શ્રી નરેન્દ્ર મોદીજીએ પોતાનું ચમકતું નામ લખાવીને મને પણ વિશ્વ આખામાં ચમકતું કરી દીધેલું. જો કે અગાઉ પણ આર્જેન્ટીનાના પૂર્વ પ્રમુખ કાલીસ મેનેને પણ અમારા બાપદાદાના દેહ પર પોતાનું નામ કોતરાવેલું આજે પણ અમારા એ સૂટદાદા અમારા વંશમાં પૂજાય છે. અને પછી તો મોટાભાગના રાષ્ટ્રપ્રમુખો અમને ધારણ કરીને અમારું અને અમે એમનું ગૌરવ વધારતા રહીએ છીએ. અમારા જીવનમાં એક જ દૂર્ઘટના બની છે કે એક માત્ર મહાત્મા ગાંધીએ આફ્રિકાથી આવ્યા પછી અમારો ત્યાગ કર્યો હતો. એ ઘટના અમે આજેય નથી ભૂલી શકતા. એનો વસવસો આજે પણ છે જો કે એમના ત્યાગ કરવાથી અમારી ઈજ્જતમાં કોઈ ફરક નથી પડ્યો. અમારી ઈજ્જત આબરું આજે પણ એટલી ઊંચી છે. હા ક્યારેક અમારા બાહ્ય દેખાવનો ગેર ઉપયોગ કરીને ચતુર માણસો દ્વારા બેન્કોને, મોટી મોટી કંપનીઓને કે ઉદ્યોગપતિઓને છેતરવામાં આવે છે. એનો અમને રંજ છે પણ એમાં અમે કશુંય કરી શકીએ એમ નથી. અમારી નિયત્તિ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાનની જેમ મૌન રહેવાની છે. બાકી અમે તો શરીર ધારણ કરતા જ માણસની નિયતિ જાણી જઈએ છીએ. પણ કશુંય કરી શકતા નથી. એક ખાનગી વાત કહું તો... મોદી સાહેબ મને ધારણ કરીને જ્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ઓબામાને મળવા ગયા ત્યારે શું વિચારતા હતા ખબર છે ? '' આખી દુનિયાનો આ સરદાર બની બેઠેલાને ઓબામાને ચા પીવડાવીને આજે હું એને પંજાબનો સરદાર બનાવું છું ને આખી દુનિયા જુએ છે. મારો હાહરો! એક વખત મને અમેરિકા આવવાની ના પાડતો હતો. એના જ ગામમા